# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા.
2) પ્રધાનમંત્રી મોદી આજે નવી દિલ્હીમાં રાયસીના ડાયલોગ 2025નું ઉદઘાટન કરશે.
3) ભારતના સૌ પ્રથમ રિવર ડોલ્ફિન સર્વે પ્રમાણે દેશભરમાં 6,327 રિવર ડોલ્ફિન અસ્તિત્વ ધરાવે છે.
4) અવકાશમાં અટવાયેલાં અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ આવતી કાલે પૃથ્વી પર પરત ફરશે.
5) ઇંગ્લૅન્ડમાં આજથી કબડ્ડી વિશ્વકપ 2025નો પ્રારંભઃ. ભારત તેની પ્રથમ મેચમાં ઇટલી સામે ટકરાશે.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MODI-LUXON MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન વચ્ચે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં દ્વિપક્ષીય મંત્રણા ચાલી રહી છે. બંને દેશ વચ્ચે અનેક ક્ષેત્રમાં સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કરાશે.

શ્રી લક્સનની સાથે ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ પર ભારત આવ્યું છે. અગાઉ શ્રી લક્સને સોશિયલ મીડિયા પોસ્ટમાં ન્યૂઝીલેન્ડમાં ભારતીય મૂળનાં લોકોએ રાષ્ટ્રની પ્રગતિમાં આપેલા પ્રદાનની પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . . . . . . .

# REV PM RAISINA DIALOGUE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રાયસીના ડાયલૉગ 2025ની 10મી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે. ન્યૂ ઝિલૅન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટૉફર લક્સન ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. રાયસીના ડાયલૉગ કાર્યક્રમ 19 માર્ચ સુધી ચાલશે.

આ વર્ષે “કાળચક્ર: લોકો, શાંતિ અને પૃથ્વી” આ કાર્યક્રમની મુખ્ય વિષયવસ્તુ છે. કાર્યક્રમ દરમિયાન વિશ્વના નીતિ-નિર્માતાઓ અને ચિંતકો છ જેટલા મુખ્યવિષય પર ચર્ચા કરશે. રાયસીના ડાયલૉગ ભારતની ભૂ-રાજનીતિ અને ભૂ-અર્થશાસ્ત્ર પરનો મુખ્ય કાર્યક્રમ છે.

કાર્યક્રમની 10મી આવૃત્તિમાં અંદાજે 125 દેશના પ્રતિનિધિ ભાગ લેશે. દરમિયાન ત્રણ હજાર 500થી વધુ ભાગીદાર વ્યક્તિગત રીતે સંવાદ કરશે. તેની સમગ્ર કાર્યવાહી વિશ્વભરમાં વિવિધ ડિજિટલ પ્લેટફૉર્મના માધ્યમથી કરોડો લોકો જોઈ શકશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JAGDAMBIKA PAL WAQF

વક્ફ સંશોધન ખરડા પર સંસદની સંયુક્ત સંસદીય સમિતિ- J.P.C.ના અધ્યક્ષ જગદમ્બિકા પાલે કહ્યું, આ ખરડો આર્થિક રીતે નબળા મુસલમાનોના પક્ષમાં છે. વક્ફ સંશોધન ખરડા પર ઑલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બૉર્ડના વિરોધ અંગે શ્રી પાલે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું કે, ગૃહમાં 428 પાનાનો અહેવાલ રજૂ કરાયો છે અને વક્ફ બૉર્ડના હિત માટે તેનું સંશોધન કરાયું છે.

શ્રી પાલે કહ્યું, સરકારે મુસ્લિમ સંગઠનો અને અન્ય હિસ્સેદારો સાથે વાજબી અને સંતુલિત કાયદો બનાવવા ખરડાને સંયુક્ત સંસદીય સમિતિને મોકલ્યું છે. શ્રી પાલે આ અંગે વધુ માહિતી આપી.

(બાઈટઃ જગદમ્બિકા પાલ)

. . . . . . . . . . . . . . .

# ASEAN GAMING SUMMIT

ફિલિપાઇન્સના પાટનગર મનીલામાં આજથી ત્રણ દિવસીય આસિયાન ગેમિંગ શિખર સમેલન યોજાશે. બુધવાર સુધી ચાલનારા આ આંતરરાષ્ટ્રીય ગેમિંગ સમેલનમાં ફિલિપાઇન્સ, ભારત, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, જર્મની, યુકે, રશિયા, જાપાન, સિંગાપોર અને અન્ય દેશોના લગભગ ૧૬૦૦ સહભાગીઓ ભાગ લેશે.

ગેમિંગ સમિટની આ 7મી પરિષદ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં આસિયાન ક્ષેત્રના ઉદ્યોગના સતત બદલાતા નિયમનકારી માળખા દ્વારા રજૂ થતી નવી તકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ગેમિંગ ક્ષેત્રના વિવિધ બજારોમાં નવા ગ્રાહક વલણો ઉભરી રહ્યા છે. વિશ્વભરના નિયમનકારો, નીતિ નિર્માતાઓ, ઓપરેટરો અને અન્ય ઉદ્યોગ હિસ્સેદારો ગેમિંગ મનોરંજન આપવાના નવા સ્વરૂપોના રિમોટ અને એસેટ અમલીકરણ પર તેમના વિચારો વ્યક્ત કરશે.

. . . . . . . . . . . . . . . .

# QUAD WORKSHOP

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા સિંહ પટેલે આજે નવી દિલ્હીમાં ભારત -પ્રશાંત ક્ષેત્ર માટે રોગચાળાની તૈયારી પર ક્વાડ કાર્યશાળાનું ઉદ્ઘાટન કર્યું. ભારતની અધ્યક્ષતા હેઠળ ત્રણ દિવસની કાર્યશાળાનું આયોજન વિદેશ મંત્રાલય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યું છે.

કાર્યશાળાનો ઉદ્દેશ વૈશ્વિક આરોગ્ય કટોકટી માળખાને મજબૂત બનાવવા, આરોગ્યના જોખમ સામે તૈયારી અને સ્થિતિસ્થાપકતા વધારવા અને વિકસિત થતા રોગચાળાઓ સામે સંકલિત પ્રતિભાવ સુનિશ્ચિત કરવાનો છે. ભારત-પ્રશાંત ક્ષેત્રના કંબોડિયા, ફીઝી, ઇન્ડોનેશિયા, કેન્યા, કિરીબાતી, મેડાગાસ્કર, માલદીવ, મોઝામ્બિક, પલાઉ, ફિલિપાઇન્સ, શ્રીલંકા, તાન્ઝાનિયા, થાઇલેન્ડ, ટોંગા, તુવાલુ અને આંતરરાષ્ટ્રીય આરોગ્ય સંગઠનના 25થી વધુ પ્રતિનિધિઓ કાર્યશાળામાં જોડાઈ રહ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# MUMBAI- GOLD SEIZED

મુંબઈના આંતરરાષ્ટ્રીય હવાઈમથકેથી કસ્ટમ વિભાગે આઠ કરોડ 47 લાખ રૂપિયાનું 10 કિલોથી વધુ સોનું જપ્ત કર્યું છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, 13થી 15 માર્ચે કરાયેલી કાર્યવાહીમાં હવાઈમથકના ત્રણ ખાનગી કર્મચારી સહિત પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

કસ્ટમ અધિકારીએ જણાવ્યું કે, છત્રપતિ શિવાજી મહારાજ આંતર-રાષ્ટ્રીય વિમાનમથક પર એક ખાનગી કર્મચારીની અટકાયત કરતા તેની પાસેથી બે કિલો 800 ગ્રામ સોનું જપ્ત કરાયું હતું.

અન્ય એક કિસ્સામાં, આંતર-રાષ્ટ્રીય પ્રસ્થાન વિસ્તારમાં કામ કરતા અન્ય એક ખાનગી કર્મચારી પાસેથી 2 કિલો 900 ગ્રામ સોનું જપ્ત કરાયું હતું. જ્યારે અન્ય એક ખાનગી કર્મચારી પાસેથી એક કરોડ 31 લાખ રૂપિયાનું સોનું જપ્ત કરાયું હતું. વધુ તપાસ બાદ  સ્ટાફ સભ્ય અને અન્ય બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# GUWAHATI- RIVER DOLPHINS

ભારતના સૌ પ્રથમ રિવર ડોલ્ફિન સર્વે પ્રમાણે દેશભરમાં 6,327 રિવર ડોલ્ફિન અસ્તિત્વ ધરાવે છે. આસામની પાંચ નદીમાં સૌથી વધુ 635 ડોલ્ફિન હોવાનો અંદાજ છે.

તાજેતરમાં જુનાગઢમાં મળેલી વન્યજીવ રાષ્ટ્રીય બોર્ડની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જારી કરેલા અહેવાલમાં આ માહિતી આપવામાં આવી હતી. આસામમાં રિવર ડોલ્ફિનને 'ખિહુ' તરીકે ઓળખવામાં આવે છે. ગુવાહાટી પાસે કુલ્સી નદીમાં જોવા મળેલી ડોલ્ફિનનું ભારતમાં પ્રથમ વાર સેટેલાઇટ ટેગિંગ કરવામાં આવ્યું છે.

સર્વેમાં જણાવ્યા પ્રમાણે વર્ષ 2020થી બ્રહ્મપુત્રા નદીમાં ડોલ્ફિનની વસતિમાં સાતત્યતા જોવા મળી છે.

. . . . . . . . . . . . . . . .

# JK ENCOUNTER

જમ્મુ-કાશ્મીરમાં આજે સવારે ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં સલામત દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસ પ્રવક્તાએ આકાશવાણીને જણાવ્યું કે, કુમ્હૂરા, જચલદારા રાજવાર વિસ્તારમાં આતંકવાદીઓ સંતાયા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ

પોલીસ અને સલામત દળના જવાનોની સંયુક્ત ટીમે તપાસ અભિયાન હાથ ધર્યું હતું.

તેમણે કહ્યું, સલામતી દળ શંકાસ્પદ સ્થળ પર પહોંચ્યા ત્યારે સંતાયેલા આતંકવાદીઓએ જવાનો પર ગોળીબાર શરૂ કરી દેતા અથડામણ શરૂ થઈ હતી.

. . . . . . . . . . . . . . . .

# WEATHER

ભારતીય હવામાન વિભાગે અરૂણાચલ પ્રદેશમાં અલગ અલગ સ્થળ પર ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જ્યારે આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમમાં આજે ગાજવીજ સાથે વરસાદ અને ભારે પવન ફૂંકાવાની શક્યતા છે.

વિભાગના જણાવ્યા મુજબ, આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાનમાં 2થી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. આ ઉપરાંત ગુજરાત અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તાર, યમન, ઉત્તર આંતરિક કર્ણાટક અને ગંગા પશ્ચિમ બંગાળમાં વિવિધ સ્થળ પર ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાનું અનુમાન છે.

બીજી તરફ તેલંગાણાના 33 જિલ્લામાંથી 22 જિલ્લામાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યું છે. જ્યારે ઓડિશાના અનેક જિલ્લાઓમાં હવામાન ખાતાએ અતિશય ગરમીનું મોજું ફરી વળવાની એટલે કે, હીટવેવની ચેતવણી આપી છે.

. . . . . . . . . . . . . . .

# SUNITA WILLIAMS TO RETURN

નવ મહિના કરતાં પણ વધુ સમયથી અવકાશમાં અટવાયેલાં બે અમેરિકન અવકાશયાત્રીઓ આવતી કાલે રાત્રે પૃથ્વી પર પરત ફરશે.

એક નિવેદનમાં અમેરિકન અવકાશ સંસ્થા નાસાએ જણાવ્યું છે કે, સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ઉપરાંત અમેરિકન તથા રશિયન અવકાશયાત્રી સ્પેસ એક્સનાં ક્રુ ડ્રેગન યાનમાં પરત ફરશે. સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર જૂન, 2024થી આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં ફસાયેલા છે. તેઓ બોઇંગ સ્ટારલાઇનર અવકાશયાનની પરિક્ષણ ઉડાન પર ગયા હતા, જેમાં પ્રપલ્ઝન સંબંધિત ખામી સર્જાવાથી તેઓ પૃથ્વી પર પરત  આવી શક્યા નહતા.

. . . . . . . . . . . . . . .

## KABADDI WORLD CUP 2025

ઇંગ્લેન્ડમાં આજથી કબડ્ડી વિશ્વકપ 2025નો પ્રારંભ થઈ રહ્યો છે. ભારતીય પુરુષ ટીમ ઇટાલી સામે વૉલ્વર-હૅમ્પટનમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ મૅચ ભારતીય સમય મુજબ, સાંજે સાડા પાંચ વાગ્યે શરૂ થશે.

સાંભળીએ અમારા પ્રતિનિધી રાજેશ મીણાનો અહેવાલ..

### (વોઈસ કાસ્ટ – રાજેશ મીણા)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IPL CHETAN SAKARIYA

આઇપીએલ 2025 પૂર્વે ગત ચેમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર-KKRએ ઉમરાન મલિકનાં સ્થાને ભાવનગરના ડાબેડી બોલર ચેતન સાકરિયાનો સમાવેશ કર્યો છે. ઉમરાન મલિક ઇજાના કારણે આ સીઝીનમાંથી બહાર થઈ ગયા છે.

27 વર્ષીય સાકરિયા ગયા વર્ષે પણ કોલકતાની ટીમમાં સામેલ હતા. જોકે તેમને એક પણ મેચ રમવાની તક મળી નહોતી. તેમને 75 લાખ રૂપિયાનાં કોન્ટ્રાક્ટમાં સાઇન કરવામાં આવ્યા છે. સાકરિયાએ 2021માં

રાજસ્થાન રોયલ્સ દ્વારા આઇપીએલમાં પદાર્પણ કર્યું હતું. 2022માં તેઓ દિલ્હી કેપિટલ્સ વતી રમ્યા હતા.

. . . . . . . . . . . . . . . .